# માહાત્મ્ય દર્શન – પ.પૂ. અશ્વિનભાઈ (તારદેવ)

| | | |
|---|---|---|
| પૂરું નામ | : | અશ્વિનભાઈ ગોરધનભાઈ પટેલ (નાર) |
| જન્મતારીખ | : | ૧ સપ્ટેંબર, ૧૯૫૦ |
| જન્મસ્થળ | : | મુંબઈ |
| પિતા | : | પ.ભ. ગોરધનભાઈ કિશાભાઈ પટેલ (અ. નિ.) |
| માતા | : | પ.ભ. કમળાબેન |
| મોટા ભાઈ | : | પ.ભ. ગિરીશભાઈ (કાંદિવલી, મુંબઈ) |
| નાના ભાઈ | : | પ.ભ. કૌશિકભાઈ (હરિધામ) |
| અભ્યાસ | : | B.Sc. (મુંબઈ યુનિવર્સિટી) |




'અશ્વિનભાઈ મન વગરના પુરૂષ છે.'

'**USA** તીર્થધામ બની ગયું એવા અશ્વિન સાધુ છે !'

ઉપરના શબ્દો એ કેવળ પ્રાસંગિક માહાત્મ્યગાનના વાક્યો નથી. પ.પૂ. પપ્પાજીના મુખમાંથી સહજ ભાવે સરી પડેલા હૃદયોદ્‌ગાર છે. તેમાંય બીજું વાક્ય તો તા. ૧લી સપ્ટેંબરે ૨૦૦૦ને દિવસે પૂ. અશ્વિનભાઈના જન્મદિને પ.પૂ. પપ્પાજીએ શિકાગોની એક મોટેલના પેપર નેપ્કિન ઉપર સ્વહસ્તે લખેલ છે. કારણ તે વખતે કોઈ કોરો ઓફિસ પેપર ઉપલબ્ધ ન હતો. આજે એ પેપર નેપ્કિનને જાણે કોઈ અનોખા દસ્તાવેજનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે !

પોતાની લગભગ ૩૧ વર્ષની સાધનામાં જે પુરૂષ સાથે ૩૧ દિવસ પણ જેઓ રહ્યા નથી ને છતાં પોતાની સાધુતા, સરળતા, માહાત્મ્ય અને સેવાથી જેમના હૃદયમાં આવું અનોખું સ્થાન પ્રાપ્ત કર્યું છે એ વિરલ મુક્તરાજ એટલે આપણા સહુના લાડીલા તારદેવના વડીલ સાધક પૂ. અશ્વિનભાઈ.

સત્સંગનો વારસો નાની વયે જ માતા–પિતા પાસેથી મળ્યો. તે વખતે તારદેવ મંદિર નજીક જ ગાંજાવાલા બિલ્ડિંગમાં તેઓ રહેતા. તેથી દરરોજ સામેની બિલ્ડિંગમાં રહેતા કુસુમબેનના ઘરેથી તાજી છાશ લઈ મંદિરે આપવાની સેવા પૂ. અશ્વિનભાઈ કરતા. તેમના ઘરના બધાં જ કૌટુંબિક પ્રશ્નોમાં તેઓ સહુ પ.પૂ. સોનાબાની સલાહને જ અનુસરતા અને તે રીતે સત્સંગનો જોગ વધુ ને વધુ દઢ થતો ગયો. સત્પુરૂષ પ્રત્યેનો અતૂટ વિશ્વાસ અને આત્મબુદ્ધિનો માતાપિતાનો વારસો પૂ. અશ્વિનભાઈમાં પણ સારધાર ઊતરી આવ્યો ને તેથી નાની વયમાં જ પ.પૂ. કાંતિકાકાની દૃષ્ટિ તેમના પર પડી ગઈ.

વિદ્યાનગરના વડીલ સાધક ભાઈઓના જીવનમાંથી પ્રેરણા લઈ વ્રતધારી સાધકને પંથે પ્રયાણ કર્યું. પ.પૂ. કાંતિકાકાએ અશ્વિનભાઈ માટે કરેલ માગણી પ.પૂ. કાકાજી, પ.પૂ. પપ્પાજી તથા પ.પૂ. સાહેબે સ્વીકારી અને પ.પૂ. સાહેબે તેઓને આજ્ઞા કરી કે 'તારદેવ પ.પૂ. કાકાજી અને પ.પૂ. કાંતિકાકાની છત્રછાયામાં ને તેમની આજ્ઞામાં રહેજો' જેને તેઓ આજે છેલ્લા ૩૦ વર્ષથી સારધાર રીતે પાળી રહ્યા છે.

તેમની કુશાગ્ર બુદ્ધિ, ત્વરિત નિર્ણયશક્તિ, સેવાની ધગશ અને માહાત્મ્ય સહિતની આત્મબુદ્ધિથી તેઓ કાંતિકાકાને હૃદયે વસી ગયા ને શરૂઆતમાં ધંધાની ને પછી તેમની સમગ્ર કૌટુંબિક, વ્યાવહારિક જવાબદારી તેઓએ અશ્વિનભાઈને સોંપી દીધી. તેની સાથોસાથ જ તારદેવ મંદિરે રહેતા ને ગાડી ચલાવતા શીખેલા તેથી કાકાશ્રી ને કાંતિકાકા જોડે બધે જ પધરામણીઓ કે વિચરણમાં સારથિ તરીકે અશ્વિનભાઈ ઉપર જ પસંદગી ઊતરતી. કારણ તેઓ એટલી તો સરસ રીતે ને સહજ રીતે કોઈ પણ જાતની ખોટી ઉતાવળ કે રઘવાટ વગર એકધારી ગાડી ચલાવે કે તેમાં બેસનાર સહુ કોઈને નિશ્ચિંતતા ને નિશ્ચિતતાનો અહેસાસ

થાય. તેથી જ પ.પૂ. પપ્પાજી મુંબઈ પધારે ત્યારે તેઓના મુંબઈ રોકાણ દરમ્યાન ગાડી ચલાવવાની સેવા માટે તેઓ જ સામેથી અશ્વિનભાઈને બોલાવી લે. વળી હૈયામાં નરી સાધુતા ને દાસત્વ તેથી મોટા પુરૂષની અંગત સેવા પણ તેઓ સહજ જ કરી શકે. જે લહાવો આકસ્મિક જ તેઓને ૧૯૯૮ ને ૨૦૦૦ની સાલ દરમ્યાન પપ્પાજીના અમેરિકાના વિચરણ દરમ્યાન મળ્યો.

ગાડી ચલાવવાની સેવામાં અનેક પ્રકારની વિટંબણાઓ આવે. તારદેવથી છેક મુંબઈ એરપોર્ટ સુધી મોડી રાતે અવારનવાર જવાનું થાય. અનેક પ્રકારના મુક્તોની સેવા અલગ અલગ સમયે કરવાની હોય, તેમાં સમય તો બગડતો હોય પરંતુ પાતાને અંગત રીતે પણ ખૂબ જ તકલીફ પડતી હોય ને તેવું તો અવારનવાર બને. તેમ છતાં તે બધાં પ્રત્યે કેવળ પ્રભુના ભાવથી, સ્મિતથી જ સહજભાવે વ્યવહાર થવો તે ખરેખર કોઈ જન્મજાત સાધુ પુરૂષના લક્ષણ છે !

વળી દરરોજ સવારે સૌથી વહેલા ઊઠી દૂધ લાવવાની, ઠાકોરજીના સ્નાન, પૂજન, આરતીની સેવા, તારદેવના મુક્તો માટે, મહેમાનો માટે ચા બનાવવાની ને બીજી નાની મોટી સેવા તો હોય જ ! સાથોસાથ પ.પૂ. કાંતિકાકાની ઓફિસ અનિરટ્રાન્સપોર્ટ કંપનીનો કારોબાર સંભાળવાનો, તેમની તો ઠીક પરંતુ તેમના પુત્ર પ.ભ. ઘનશ્યામભાઈની પણ બધી જ કૌટુંબિક ને વ્યાવહારિક જવાબદારી નિષ્ઠાપૂર્વક એ કુટુંબના જ એક સભ્ય તરીકે જ સંભાળવાની, પહેલા કાકાજી ને કાંતિકાકા સાથે ને ત્યારબાદ છેલ્લા ૧૬ વર્ષથી તારદેવના સાધક ભાઈઓ સાથે બધે વિચરણમાં જવાનું. આવી તો અનેક પ્રકારની સેવા બહારથી સુકલકડી લાગતા શરીરે પણ કોઈ અપૂર્વ આત્મબળથી જે રીતે તેઓ કરી રહ્યા છે તે જોઈને સહુ કોઈ મનોમન એમને વંદી રહે છે.

મોટા પુરૂષ સાથે રહેવું ને તે પણ સારધાર રીતે અનેક પ્રકારના મુક્તોની વચ્ચે અનેક પ્રકારની વિચિત્ર પરિસ્થિતિઓમાં કેવળ હસતા રહીને નિર્દોષબુદ્ધિએ સહિત રહેવું ને તે પણ થોડાક દિવસો કે મહિનાઓ નહિ પણ વરસો સુધી એકધારું રહેવું એ વિરલ સિદ્ધિ સમગ્ર ગુણાતીત સમાજમાં બહુ જૂજ મુક્તોએ હાંસલ કરી છે ને તેમાં અશ્વિનભાઈ આગલી હરોળમાં બિરાજેછે.

વળી પોતાના નિર્દોષ, બાલસહજ રમૂજી સ્વભાવ ને નિખાલસતાથી તેઓ નાનામાં નાનાથી મોટામાં મોટી વ્યક્તિના દિલમાં એવા તો સહજ રીતે વસી જાય છે કે સહુ કોઈ સહજ એમનું સાન્નિધ્ય ઝંખે. ગુણાતીત સમાજની ત્રણ મહાન, વિચક્ષણ અને અત્યંત તટસ્થ એવી વિભૂતિઓ, પ.પૂ. પપ્પાજી, પ.પૂ. કાંતિકાકા અને પૂ. ગોરધનકાકા જેમનું સાન્નિધ્ય ઝંખે એ મુક્તના હૃદયની અભીપ્સા ને સાધુતા કેટલી બધી ઉત્કૃષ્ટ હશે તે સહજ જ કલ્પના કરી શકાય એવું છે. અને તેથી જ પ.પૂ. કાકાજી પણ અશ્વિનભાઈને જોતા જ મલકી ઊઠતા અને તેમને કોઈપણ પ્રકારની સેવા પૂરેપૂરા ભરોસા સાથે સોંપી શકતા.

આજે પણ પોતે તારદેવના એક વડીલ સાધક મુક્તરાજ હોવા છતાં અન્ય ભાઈઓ પ્રત્યે કાકાજી પ્રત્યે તેઓ રાખતા તેઓ જ દાસત્વભાવ અને માહાત્મ્ય રાખે છે ને તે તેમના શબ્દોમાં ઓછું ને વર્તનમાં વિશેષ પ્રતિબિંબિત થાય છે. એ એમના હૃદયની ખાનદાની અને તેમની સાધક અવસ્થાની ઉચ્ચ ભૂમિકાનું વિરલ દર્શન કરાવે છે.

એવા આપણા સહુના વહાલા પૂ. અશ્વિનભાઈને તેઓના ૫૩મા પ્રાગટ્યદિને પ્રાર્થીએ કે તેમની જેમ આપણે સહુ સાચી સાધક અવસ્થાને ચરિતાર્થ કરતી અ.મૂ.અ.મૂ. ગુણાતીતાનંદસ્વામીની પંક્તિઓ...

દેશ દેશાંતર બહોત ફિર્યા, મનુષ્ય કા બહોત સુકાળ;
જાકું દેખે છાતી ઠરે, વાકા પડ્યા દુકાળ.

ને આપણા જીવનમાં પણ આત્મસાત કરી તેમની જેમ સત્પુરુષ અને ભક્તોનો અંતરનો ભરોસો પ્રાપ્ત કરીએ.